કચેરી :- ૦૨૬૧-૨૪૫૫૩૦૧ થી ૨૪૫૫૩૦૪
અધ્યક્ષશ્રી :- ૦૨૬૧-૨૪૨૦૩૨૦
શાસનાધિકારી : (ઓ) ૦૨૬૧-૨૪૨૦૩૨૨
ઈ-મેઈલ :- msbsmc@gmail.com
વેબસાઈટ :- www.municipalschoolboardsurat.org

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત.

ગોપીપુરા, પારસીવાડ, સુરત. - ૩૯૫૦૦૧

જાવક નં :- ૮૭૧૦ | તા. ૦૮/૦૩/૨૦૧૮

પ્રતિ,
આચાર્યશ્રી,
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
તમામ શાળાઓ,
સુરત.

વિષયઃ– બેંક ખાતાની વિગત મોકલી આપવા બાબત

જત લખવાનું કે, તમારી શાળામાં કચેરી તરફથી રીક્ષાભાડાનાં, સ્વચ્છતાની ગ્રાંટની રકમ તેમજ અન્ય ખર્ચા માટેની રકમ આચાર્યશ્રીના ખાતામાં જમા કરાવવામાં આવે છે. અત્રેની કચેરીના ધ્યાન પર આવેલ છે કે હજી સુધી આચાર્ય તરફથી HTAT મુખ્ય શિક્ષકોને વહીવટી તેમજ નાણાંકીય ચાર્જ આપેલ નથી તેમજ આચાર્ય અને મુખ્ય શિક્ષક (HTAT) નાં એમ બે બેંકએકાઉન્ટ ચાલુ રાખવામાં આવેલ છે. જે યોગ્ય નથી તો આ બાબતે તાકીદે આચાર્યશ્રીએ મુખ્ય શિક્ષક (HTAT) ને નાણાંકીય ચાર્જ સોંપી દેવો તથા તમામ શાળાના આચાર્ય/ મુખ્ય શિક્ષક (HTAT) ને પોતાની શાળાનું એક જ એકાઉન્ટ ચાલુ રાખવાનું રહેશે. આચાર્યશ્રીનું ખાતું હોય તો તે બંધ કરાવી તે રકમ ચલણ મારફતે અત્રેની કચેરીએ જમા કરાવાની રહેશે અને તેમ કરી નીચે જણાવેલ પત્રકમાં બેંક ખાતાની વિગત ભરી મોકલી આપવાની રહેશે તથા તમામ આચાર્યશ્રીઓએ બેંકની પાસબુકની નકલ કરાવી(શાળાના સિકકા સાથે) અત્રેની કચેરીએ જમા કરાવવા નોંધ લેશો.

વધુમાં ને શાળામાં મુખ્ય શિક્ષક નથી અને શાળાના આચાર્યનો ચાર્જ સંભાળતા હોય તેમને પણ માહિતી મોકલવાની રહેશે. તથા તમારી શાળામાં અન્ય શાળા મર્જ થયેલ હોય અને તે ખાતું ચાલુ હોય તો તે બંધ કરાવી તે રકમ પણ ચલણ મારફત કચેરીએ જમા કરાવવાની રહેશે.

ઈ.ચા.શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
સુરત.

સવિનય નકલ રવાનાઃ–
(૧) અધ્યક્ષશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત.

મુખ્ય શિક્ષક/ આચાર્યશ્રીનાં ખાતાની વિગત

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ક્રમ | નામ | ખાતા નંબર | હાલની તારીખે બેંકની સિલક |

આચાર્ય / મુખ્ય શિક્ષક
શાળા નંબર